# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## પરિપત્ર

ગાંધીકથાકાર અને ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ નારાયણ દેસાઈ (જન્મ : ૨૪-૧૨-૧૯૨૪)નાં સાન્નિધ્ય અને માર્ગદર્શનમાં, અધ્યાપકો સારુ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. 'ગાંધી વિચાર અને ઉચ્ચ શિક્ષણ' વિષયક આ શિબિરમાં ગૂજરાત વિદ્યાપીઠના પચીસ અને ગુજરાતનાં અન્ય વિશ્વવિદ્યાલયોના પચીસ એમ કુલ પચાસ અધ્યાપકો ભળશે. શિબિરાર્થીઓએ પ્રાર્થના, સફાઈ, શ્રમકાર્ય, રસોઈકાર્ય, બૌદ્ધિક સત્રો, જૂથચર્ચા, હળવી રમતો, સાંસ્કૃતિક કાર્યક્રમોની દિનચર્યા રહેશે. શિબિર-સ્થળે વ્યક્તિગત રૂમો ફાળવી શકાશે નહીં, પણ જીવનનો આનંદ મળી શકે એમ છે. શિબિરાર્થીઓએ જરૂરી પણ ખપપૂરતી સાધન-સામગ્રી લઈને આવવાનું રહેશે.

અમદાવાદથી સુરત થઈને વેડછી વચ્ચેનું ત્રણસો કિલોમીટરનું અંતર સડકમાર્ગે કાપવું હોય તો આશરે ચાર કલાક લાગે છે. આ માટે ૦૧-૦૬-૨૦૧૪, રવિવારના રોજ બપોરે બરાબર બે કલાકે ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ માર્ગ, અમદાવાદથી વેડછી જવા માટે બસ રવાના થશે. જે શિબિરાર્થીઓને આ વ્યવસ્થા અને વખત અનુકૂળ ન હોય તેઓએ સ્વખર્ચે ૦૧-૦૬-૨૦૧૪, રવિવારના રોજ સાંજે ૦૬-૦૦ સુધીમાં વેડછી પહોંચી જવાનું રહેશે. શિબિરાર્થીઓને કોઈ પણ પ્રકારના ભાડાં-ભથ્થાં આપવામાં આવશે નહીં.

| | | |
|---|---|---|
| શિબિર-સ્થળ | : | સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય, વેડછી, તાલુકો : વાલોડ, જિલ્લો : તાપી |
| તારીખ | : | ૦૧-૦૬-૨૦૧૪, રવિવારથી ૦૫-૦૬-૨૦૧૪, ગુરુવાર |
| સમય | : | સવારના ૦૬-૦૦થી રાત્રિના ૧૦-૦૦ |

તમે આ શિબિરમાં શા માટે સહભાગી થવા માગો છો એ અંગે ૨૦૦ શબ્દોનું લખાણ કરીને, તા. ૨૫-૦૫-૨૦૧૪ સુધીમાં આ સરનામે મોકલશો. તમારા સંપર્ક માટે સરનામું, ફોન નંબર તથા ઈ-મેઈલ પણ જણાવશો. તમને મંજૂરી મળ્યેથી શિબિરમાં જોડાશો તેવી વિનંતી.

**ડૉ. સુદર્શન આયંગાર, કુલનાયક, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ માર્ગ, અમદાવાદ : ૩૮૦ ૦૧૪**

**ઈ-મેઈલ : vc@gujaratvidyapith.org**

ફોન નં. (૦૭૯) ૪૦૦૧૬૨૦૩, ફેક્સ નં. (૦૭૯) ૨૭૫૪૨૫૪૭

(રાજેન્દ્ર ખીમાણી)
કુલસચિવ

નોંધ : ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપક સેવકોને વેકેશન સમય હશે તો તેની રજા પછીથી આપવામાં આવશે.